ક્રમાંક:જીસીઇઆરટી/તાલીમ/૨૦૨૧-૨૨/૨૦૭૪૬-૭૫
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખ:27/07/2021

સત્યમેવ જયતે
સચિવ

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 1565
શાખાનું નામ: યોજના
તારીખ: ૨૯/૭/૨૧
સહી:

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષયઃ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકોને નિષ્ઠા શિક્ષક તાલીમમાં શિક્ષકો અને આચાર્યોને જોડવા બાબત
સંદર્ભઃ સીઆઇ.ઇ.ટી, નવી દિલ્હીનો તા. ૨૦/૦૭/૨૧નો ઇ-મેઇલ મેસેજ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે એમ.એચ.આર.ડી અને એન.સી.ઇ.આર.ટીના નેજા હેઠળ સમગ્ર રાષ્ટ્રમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોને NISHTHA (National Initiative For School Heads' and Teachers' Holistic Advancement) તાલીમ આપવાનું આયોજન થયેલ છે. સમગ્ર રાષ્ટ્રમાં કોવિડ-૧૯ની મહામારીને કારણે આ તાલીમ ઓનલાઇન મોડથી દીક્ષા પ્લેટફોર્મ પર નિષ્ઠા કોર્સ દ્વારા મેળવવાની રહેશે. આ કોર્સ નિષ્ઠા સેકન્ડરીના નામથી દીક્ષા પ્લેટફોર્મ પર જોઇ શકાશે.

નિષ્ઠા સેકન્ડરી કોર્સમાં રાજયની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓના શિક્ષકો અને આચાર્યોને જોડવાના રહેશે. નિષ્ઠા સેકન્ડરી કોર્સમાં શિક્ષકો અને આચાર્યોએ કુલ ૧૩ મોડયુલની તાલીમ ઓનલાઇન કોર્સ સ્વરૂપે મેળવવાની રહેશે. જે પૈકી કોર્સ મોડયુલ ૧ થી ૩ ની તાલીમ ૧ ઓગષ્ટ ૨૦૨૧ થી ૩૧ ઓગષ્ટ ૨૦૨૧ દરમિયાન મેળવવાની રહેશે. તા. ૨૫ ઓગષ્ટ બાદ કોર્સ ૧ થી ૩માં રજીસ્ટ્રેશન થઇ શકશે નહી તે બાબતને ધ્યાને લેવા શિક્ષકોને જાણ કરવાની રહેશે. જેમ જેમ કોર્સ અપલોડ થાય તે મુજબ શિક્ષકોએ સૂચના મુજબ જોડાવવાનું રહેશે.

જિલ્લાકક્ષાએ નિષ્ઠા સેકન્ડરી તાલીમમાં રાજયની તમામ સરકારી, ગ્રાન્ટેડ, અને ખાનગી માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકોને જોડાય અને તમામ ૧૩ કોર્સ પૂર્ણ કરે તે માટે

જરૂરી સંકલન કરી તેના સુચારું અમલીકરણની વ્યવસ્થા ગોઠવાય તે માટે જરૂરી આયોજન જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાનું રહેશે. આ કામગીરી માટે જિલ્લા કક્ષાએ નિષ્ઠા તાલીમ માટે નિયુક્ત થયેલ નોડલ ઓફિસરને જરૂરી સૂચના આપની કક્ષાએથી આપવાની રહેશે.

- શિક્ષકે https://diksha.gov.in/explore ના માધ્યમથી નિષ્ઠાના 13 કોર્સમાં ફરજિયાત જોડાવવાનું રહેશે.

| Sr. | FAQ by the Teacher / End User | Link |
|---|---|---|
| 1 | How do I **install** DIKSHA ? | https://youtu.be/ceZD5VET7vk |
| 2 | How do I **Sign-In or Register** on DIKSHA using my Laptop or Computer? | https://youtu.be/tL25_m8O0ww |
| 3 | How do I Sign-In or Register on DIKSHA using my Android Phone? | https://youtu.be/JsezA9ysA_I |
| 4 | How to login and **consume** DIKSHA courses on an Android Phone? | https://youtu.be/Bse2HRGkSxw |
| 5 | How to login and consume DIKSHA courses on a Laptop or Computer? | https://youtu.be/fhNgG6I52aI |

## Steps for self-declaration on DIKSHA




- શિક્ષકે ઓનલાઇન કોર્સમાં જોડાવવા માટે સેલ્ફ ડિકલેરેશન ફોર્મ નિષ્ઠા પોર્ટલ પર ફરજિયાત ભરવાનું રહેશે અન્યથા કોર્સમાં જોડાઇ શકાશે નહીં. આ રજીસ્ટ્રેશનની વિગતોમાં જિલ્લો, તાલુકો, કલ્સ્ટરનું નામ, શાળાનું નામ, ટીચર કોડ અવશ્ય ભરવાનો રહેશે.

| | |
|---|---|
| **Course 01** | **GJ_ અભ્યાસક્રમ સમાવેશી વર્ગખંડો (NISHTHA Sec)** |
| **Course 02** | **GJ_અધ્યયન અધ્યાપન અને મુલ્યાંકનમાં સંકલન (NISHTHA Sec)** |
| **Course 03** | **GJ_અધ્યેતાઓના સર્વાંગી વિકાસ માટે વૈયક્તિક અને સામાજિક ગુણોનો વિકાસ (NISHTHA Sec)** |

- ૧ થી 3 કોર્ષમાં વ્યકતિગત રીતે જોડાવવાનું રહે છે. જેનું સમય પત્રક નીચે મુજબ છે.

| મોડયુલ | કોર્સનો સમય ગાળો | રિમાર્કસ |
|---|---|---|
| મોડ્યુલ 1 થી 3 | 1-8-2021 થી 31-08-2021 | બાજુમાં આપેલ કોર્સના સમયગાળાની પ્રથમ તારીખથી ૧ લી ઓગષ્ટ ૨૦૨૧ના રોજ કોર્સ શરૂ થશે. આ કોર્સમાં શિક્ષકે દીક્ષા પ્લેટફોર્મમાં લોગીન કરી કોર્સ ટેબમાં જતાં કોર્સ જોવા મળશે. આ કોર્સમાં જોડાવવા માટે શિક્ષકે Join કોર્સ પર કલીક કરવાનું રહેશે |

- આ તાલીમ દરમિયાન તાલીમમાં જોડાવવા સંબંધી તેમજ શૈક્ષણિક પ્રશ્નો કે મુશ્કેલીઓ માટે શિક્ષકે તેમના જિલ્લા નોડલ ઓફિસરનો (નિષ્ઠા તાલીમ) સંપર્ક કરવાનો રહેશે.
- દરેક શિક્ષકને ઓનલાઇન કોર્સ પૂર્ણ કર્યા બાદ નિષ્ઠા તાલીમ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. જે માટે તાલીમાર્થીએ કોર્સના મૂલ્યાંકનકાર્યમાં 70% ગુણ પ્રાપ્ત કરવાના રહેશે તો જ તેનું જ ઓનલાઇન પ્રમાણપત્ર જનરેટ થશે. તાલીમ પૂર્ણ થયા બાદ ૧૫ દિવસમાં દીક્ષા પ્લેટફોર્મમાં લોગીન થતા પ્રોફાઇલ પેજમાંથી ડાઉનલોડ કરી શકાશે.
- દરેક શિક્ષકે તાલીમમાં શીખેલ બાબતોનું વર્ગખંડમાં ઉપયોજન કઇ રીતે કરવું તેનો કોર્સવાઇઝ અહેવાલ (મોડયુલ વાઇઝ કુલ ૧૩) સ્વાધ્યાયકાર્યના સમયગાળામાં તૈયાર કરી કયુ.ડી.સી.કો.ઓર્ડિનેટરને જમા કરાવવાનું રહેશે.
- કયુ.ડી.સી.કો.કો.ઓર્ડિનેટરે શિક્ષકે કોર્સવાઇઝ જમા કરાવેલ અહેવાલ માટેનું રજીસ્ટર (મોડયુલ વાઇઝ કુલ ૧૩) નીચે આપેલ નમૂના મુજબ તૈયાર કરી ૫ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધીમાં એસ.વી.એસ. કન્વીનરને તેમજ એસ.વી.એસ. કન્વીનરે દિન-૨ માં જિલ્લાના નોડલ ઓફિસરને જમા કરાવવાનું રહેશે.

| ક્રમ | શિક્ષકનું નામ | શાળા પ્રકાર | ભણાવતા હોય તે ધોરણ | મોડયુલવાઇઝ જમા કરાવેલ અહેવાલની વિગત | | |
|---|---|---|---|---|---|---|
| | | | | 1 | 2 | 3 |
| | | | | | | |

(વાય.એચ.પટેલ)
નાયબ નિયામક (માધ્યમિક)
કમિશ્નર શાળાઓની કચેરી

(વી.આર.ગોસાઇ)
સચિવ
જીસીઇઆરટી

પરીપત્ર નં- 748

ક્રમાંક:યજન/નિષ્ઠા/તાલીમ/૨૦૨૧-૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી, તા.૨૯/૦૭/૨૦૨૧

ઉપરોક્ત પત્રની જાણ તથા અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ
જિ.અમરેલી